શેરબજારમાં 2023ના અંતિમ સપ્તાહમાં નરમાઈ સાથે કોન્સોલિડેશનની સંભાવના

# કોરોનાના વધતા કેસ, રેડ સી-નું સંકટ, ક્રૂડ ઓઈલ બજારનું સેન્ટિમેન્ટ નબળું કરી શકે

- » સોમવારે ક્રિસમસ નિમિત્તે માર્કેટ બંધ રહેશે
- » અંગોલા છૂટું પડતા ઓપેક દેશોની તાકાત નબળી પડી, ક્રૂડ ઓઈલ નરમ રહેવાની સંભાવના

એજન્સી > નવી દિલ્હી

કેલેન્ડર વર્ષ 2023નું અંતિમ સપ્તાહ શરૂ થઈ રહ્યું છે ત્યારે સ્વાભાવિક છે કે અનેક ટ્રેડર્સ અને રોકાણકારો રજાઓના મૂડમાં હશે જેને કારણે માર્કેટમાં વોલ્યૂમમાં ઘટાડો જોવા મળી શકે છે. સોમવારે ક્રિસમસની રજાને કારણે માર્કેટ બંધ રહેશે જેને કારણે આ સપ્તાહ ચાર ટ્રેડિંગ સેશનનું રહેશે. કોરોનાના વધતા કેસ, રેડ સી-નું સંકટ બજારનું સેન્ટિમેન્ટ નબળું કરી શકે છે. આમ પણ સાત સપ્તાહની તોખાર તેજી પછી ગત સપ્તાહે સાપ્તાહિક ધોરણે બજાર ઘટ્યું છે તે જોતા નરમાઈ સાથે કોન્સોલિડેશન જોવા મળી શકે છે.

રાતા સમુદ્ર એટલે કે રેડ સી ખાતે ઈરાન સમર્થિત હૂતી બળવાખોરોએ હમાસને ટેકો જાહેર કર્યો છે અને ઈઝરાયેલના હુમલાના વિરોધમાં તેમણે જહાજો લૂંટવાનું શરૂ કર્યું છે. તેને કારણે વ્યાપાર પરિવહન પર અસર થઈ રહી છે. અનેક કંપનીઓએ આ રૂટથી તેમની કામગીરી સ્થગિત કરી દીધી છે અથવા વૈકલ્પિક રૂટ તરફ નજર દોડાવી છે. તેને કારણે શિપિંગ ફ્રેઈટ રેટ વધવાની સંભાવના છે જે કંપનીઓનો ખર્ચ વધારશે. ખર્ચ ટાળવા માગતી કંપનીઓ સપ્લાય ઘટાડી શકે છે. 21 ડિસેમ્બર સુધીમાં 158 જહાજ વૈકલ્પિક માર્ગ તરફ ખસેડાયા હતા જેમાં કુલ 21 લાખ કાર્ગો કન્ટેનર હતા. તેમાં કુલ 105 અબજ ડોલરની વસ્તુઓ હતી. તેના પરથી અંદાજ આવે છે કે આગામી સમયમાં આ સંકટ લાંબુ ચાલશે તો વૈશ્વિક અર્થતંત્ર પર અસર થઈ શકે છે. ભારતીય નિકાસકારો અને આયાતકારો બન્નેનો લોજિસ્ટિક્સ ખર્ચ વધી જશે. મહત્વનું એ છે કે ફુગાવાની સમસ્યા માંડ કાબૂમાં આવી છે ત્યારે જ આ નવું સંકટ સર્જાયું છે. આ સમસ્યા લાંબા સમય સુધી ચાલશે તો ફુગાવો વકરે તેવી પણ શક્યતા છે.

બજાર માટે સેન્ટિમેન્ટ ખરાબ કરે તેવું બીજું પરિબળ કોરોનાના વધતા કેસનું છે. નવો વેરિયન્ટ ઝડપથી ફેલાઈ રહ્યો છે અને કેસની સંખ્યા મંગળવારે બજાર ખૂલશે ત્યાં સુધીમાં સંભવતઃ 4000ને પાર કરી ગઈ હશે. કેન્દ્રએ રાજ્ય સરકારોને સતર્ક રહેવા અને જરૂરી તૈયારીઓ કરવા તાકીદ કરી છે. ગાઈડલાઈન મુજબ આરટી-પીસીઆર ટેસ્ટ અને એન્ટિજેન ટેસ્ટ પર ભાર મૂકવા પણ કહેવાયું છે.

વૈશ્વિક ક્રૂડ ઓઈલ બજાર પર અસર કરતું અન્ય પરિબળ છે. રેડ સીનું સંકટ છતાં ક્રૂડ ઓઈલના ભાવ નરમ રહ્યા છે. ઓપેક પ્લસ દેશોના સપ્લાય કટની સામે વેનેઝુએલાનું ઓઈલ માર્કેટમાં આવ્યું છે. આ ઉપરાંત ગત સપ્તાહે અંગોલાએ પણ ઓપેકનું સભ્યપદ છોડી દેતા ઓઈલ સપ્લાય વધવાની સંભાવના વધી છે જે ઓઈલને નરમ રાખશે. ઓપેકના કુલ ઉત્પાદનમાં અંગોલનો 4% જેવો હિસ્સો છે પરંતુ મહત્વનું એ છે કે ઓપેકની એક્તા તૂટી રહી છે. ઓપેકની દાદાગીરી સામે આ નાના દેશો પોતાનું આર્થિક અસ્તિત્વ ગુમાવતા હોવાનું જણાતા તેઓ તેમાંથી ખસી રહ્યા છે. 2019માં કતાર અને 2020માં ઈક્વાડોર પણ ઓપેકમાંથી ખસી ગયા હતા. હવે ઓપેકના 12 સભ્યો રહ્યા છે અને તેમનું રોજનું 2.7 કરોડ બેરલ ઓઈલ ઉત્પાદન થાય છે, જે વૈશ્વિક કુલ સપ્લાયના 27% છે.

શુક્રવારે ક્રૂડ ઓઈલના ભાવ નરમ રહ્યા હતા. બ્રેન્ટ ક્રૂડ ઓઈલ બેરલદીઠ 79 ડોલર રહ્યું હતું, જ્યારે યુએસ વેસ્ટ ટેક્સાસ ઈન્ટરમીડિયેટ (WTI) ક્રૂડ ઓઈલ 73 ડોલર આસપાસ ટ્રેડ થતું હતું. સાપ્તાહિક ધોરણે તેમાં 3 ટકા વધારો થયો હતો.

બજારને અસર કરતા અન્ય પરિબળમાં વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો (FPI) છે. નવેમ્બર પછી ડિસેમ્બરમાં પણ આક્રમક ખરીદી કરીને તેમણે બજારનો મૂડ બદલી નાખ્યો અને પરિણામે આગઝરતી તેજી જોવા મળી. જોકે ગત સપ્તાહે તેમણે ₹6300 કરોડની નેટ વેચવાલી કરી છે. ડીઆઈઆઈએ હાથીની ચાલ ચાલતા હોય તેમ સતત ખરીદી આગળ ધપાવી હતી અને ગત સપ્તાહે તેમણે વધુ ₹8900 કરોડની નેટ ખરીદી કરી હતી. ગત સપ્તાહે તમામ પાંચ સેશન એફઆઈઆઈ વેચવાલ રહ્યા છે અને ડીઆઈઆઈ તમામ પાંચ સેશન લેવાલ રહ્યા છે. આગામી સપ્તાહના ચાર સેશનમાં આ બન્નેની ટક્કર જામશે.

મંથલી ઓપ્શન્સ ડેટા અનુસાર નિફ્ટી માટે 21,500-21,600નો અવરોધ છે, જ્યારે 21,200-21,000નો સપોર્ટ છે. 20,800 મહત્વનો સપ્રોટ બની રહેશે. વ્યાપક રીતે આ ડેટા એવો સંકેત કરે છે કે નિફ્ટી 20800-21,600 વચ્ચે અથડાતો રહેશે. એસબીઆઈ સિક્યુરિટીઝના મતે નિફ્ટી માટે 21,050-21,100નો મહત્વનો સપોર્ટ છે. વળી, આગામી સપ્તાહે એફ એન્ડ ઓ ડિસેમ્બર સિરીઝની એક્સપાયરી પણ છે. તેના મતે નિફ્ટી 21,430 ઉપર બંધ રહે તો તેજી આગળ ધપશે અને તેવા સંજોગોમાં 21,650-21,700નું લેવલ જોવા મળી શકે છે. રેલિગેર બ્રોકિંગના મતે નિફ્ટી વર્તમાન સ્તરે વધુ કોન્સોલિડેટ થશે તો તે બજાર માટે સારું રહેશે. દરમિયાન ઈન્ડિયા વોલેટિલિટી ઈન્ડેક્સ (VIX) 13.5થી ઉપર રહ્યો છે જે દર્શાવે છે કે વોલેટિલિટી વધી શકે છે.

### પ્રાઈમરી માર્કેટમાં પણ તોખાર તેજી

પ્રાઈમરી માર્કેટમાં તોખાર તેજીનો માહોલ જામ્યો છે જે કેલેન્ડર વર્ષ 2023ના અંતિમ સપ્તાહમાં પણ જળવાશે તેમ જણાય છે. ખાસ કરીને એસએમઈ સેગમેન્ટમાં ભારે તેજી જોવાઈ રહી છે. મેઈન બોર્ડમાં કોઈ નવો ઈશ્યૂ નથી, પરંતુ તેમાં ઈનોવા કેપટેબનો આઈપીઓ 26મીએ બંધ થશે. ગત સપ્તાહે બંધ થયેલા મેઈન બોર્ડ ઈશ્યૂમાં મુથૂટ માઈક્રોફિન, મોતીસન્સ જ્વેલર્સ, સુરજ એસ્ટેટનું લિસ્ટિંગ 26મીને મંગળવારે થશે. હેપ્પી ફોર્જિંગ્સ, આરબીઝેડ જ્વેલર્સ, ક્રેડો બ્રાન્ડ્સના શેરનું 27મીને બુધવારે લિસ્ટિંગ થશે. આઝાદ એન્જિનિયરિંગના શેરનું 28મીએ અને ઈનોવા કેપટેબનું 29મીએ લિસ્ટિંગ થશે. એસએમઈ સેગમેન્ટમાં ઐક પાઈપ્સ એન્ડ પોલિમર્સનો આઈપીઓ 26-28 દરમિયાન છે. શ્રી બાલાજી વાલ્વ, મનોજ સિરેમિક, એચઆરએચ નેક્સ્ટ, આકાંક્ષા પાવરના ઈશ્યૂ 27-29 દરમિયાન રહેશે. કે સી એનર્જીનો ઈશ્યૂ 28મીએ ખૂલશે અને 2 જાન્યુઆરીએ બંધ થશે. ટ્રાઈડેન્ટ ટેકલેબ્સ, સુપ્રીમ પાવર, ઈન્ડિફ્રાના આઈપીઓ 26મે બંધ થશે, જ્યારે સમીરા એગ્રોનો ઈશ્યૂ 27મીએ બંધ થશે. એસએમઈ લિસ્ટિંગમાં જોઈએ તો આગામી સપ્તાહે સહારા મેરીટાઈમનું 26મીએ, શાંતિ સ્પિન્ટેક્સનું 27મીએ અને ટ્રાઈડેન્ટ ટેકલેબ્સ, સુપ્રીમ પાવર, ઈન્ડિફ્રાનું 29મીએ લિસ્ટિંગ થશે.